# “ સ્ત્રી સશક્તિકરણ: બંધારણના આમુખના સંદર્ભમાં ”

# Women Empowerment : Constitution Aspects With Relation to Preamble

પ્રા. આર.જે.પટેલ
આસીસ્ટન્ટ પ્રોફેસર, G.E.S CL-II,
ઈતિહાસ વિભાગ, એમ.એન. કોલેજવિસનગર,
જિ.મહેસાણા.

ભારતીય સમાજમાં સામાજીક ઉત્થાન માટે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રવૃત્તિઓમાં સ્ત્રી ઉન્નતિ પણ એક મહત્વની પ્રવૃત્તિ હતી. વેદકાલિન પરંપરાથી ભારતીય સમાજમાં સ્ત્રીઓના સ્થાન વિશે વારંવાર ચર્ચા વિચારણાઓ અને વિચારવિમર્શ થતો આવ્યો છે. પરંતું ભારતીય સમાજ પણ આમ જોવા જઈએ તો પુરૂષ પ્રધાન સમાજ છે. પુરૂષ કરતાં સ્ત્રીઓનું સ્થાન ઉતરતી કક્ષાનું રહ્યું છે. ભલે આપણે વાતોમાં ‘‘નારી તું નારાયણી’’ કહેતા હોય પરંતું વર્તનમાં સ્ત્રીને એક જુદાજ ચિત્રમાં રજુ થતી જોઈએ છીએ. પુરૂષ સાથેના દરજ્જામાં વિશ્વના મોટાભાગના સમાજોમાં સ્ત્રીને નીચીજ માનવામાં આવી રહી છે. બાળ જન્મ દર હોય કે મહત્વનો રાજકીય હોદ્દો પ્રાપ્ત કરવાનો હોય સ્ત્રીઓની સ્થિતિ સારી જોવા મળતી નથી અને તેથી તો બેટી બચાવો બેટી પઢાવો જેવા અભિયાનો ચલાવવા પડે છે. ભારતીય સમાજના જ્યોર્તિધરોને સ્ત્રીઓની આ સ્થિતિમાં સુધારો લાવવાનું જણાયું ત્યારે પ્રત્યેક સામાજીક જાગૃતિના આંદોલનમાં આ વાતને મૂકવામાં આવી છે.

પ્રાચીન સમયમાં પણ અમુક અપવાદોને બાદ કરતાં સ્ત્રીઓનો દરજ્જો સાવ નીચો હતો. સ્ત્રીઓ સ્વતંત્રતાને પાત્ર નથી એવું સ્મૃતિ-વચન પણ સ્ત્રી ઉન્નતિની વિરૂધ્ધજ હતું. તે સમયે પણ દીકરીના જન્મને સમાજ વધાવતો ન હતો. ઉલટો તેને દૂધ પીતી કરી દેવાનો કુરિવાજ સમાજમાં પ્રવેશી ચૂક્યો હતો. આ સમયમાં પણ પુરૂષ પોતાને સ્ત્રીથી શ્રેષ્ઠ માનતો હતો. અને લગ્ન જીવનમાં પણ સ્ત્રી પતિની સમાન સહચરી નહીં પણ ઢીંગલી કે ભોગના સાધનરૂપ ગણાતી હતી. સ્ત્રીઓની આવી દશા જોઈ મહાત્મા ગાંધીએ તેમાં સુધારો લાવવા ભરપુર પ્રયાસો કર્યા તેઓએ સત્યાગ્રહની લડતમાં સ્ત્રીઓનો સાથ લઈને તેમને ઘરના અંધકારમાંથી બહાર કાઢી જીવનના એક એક ક્ષેત્રમાં સ્ત્રીઓ પુરૂષોની સમાન ગૌરવ પૂર્વક ઊભી રહી શકે તે માટે દેશના કોંગ્રેસીઓને તેમના પરમ ધર્મ અને કર્તવ્યનું ભાન કરાવતા કહ્યું હતું કે

‘‘ મહાસભા વાદીઓના મનમાં હજુ એમ સ્પષ્ટ સુઝ્યું નથી કે સ્વરાજ માટેની લડતમાં સ્ત્રીઓ સરખી ભાગીદાર બનેલી છે. તેઓ એમ સમજ્યા નથી કે સેવા કાર્યમાં સ્ત્રીઓ પુરૂષની ખરેખરી સહચરી હોવી જોઈએ. જે રૂઢિઓ અને કાયદાઓ પુરૂષોએ ઘડેલ હતા અને જે ઘડવામાં સ્ત્રીઓનો હાથ બિલકુલ ન હતો.તે રૂઢિઓ અને કાયદાતળે સ્ત્રીઓને કચડવામાં આવી છે. અહિંસા પર રચાયેલી જીવનની યોજનામાં જેટલો અધિકાર પુરૂષને પોતાનું ભાવિ ઘડવામાં છે. તેટલો અધિકાર સ્ત્રીને તેનું પોતાનું ભાવિ ઘડવાનો રહેલો છે. સ્ત્રીઓને પોતે પુરૂષોની દાસી છે એમ માનવાનું શિક્ષણ આટલો કાળ અપાયું છે. સ્ત્રીઓને તેમના પુરા દરજ્જાનું ભાન થાય ને તેઓ પુરુષ સમોવડી તરીકે પોતાનો ભાગ ભજવી શકે એ શક્તિ સ્ત્રીઓમાં ઉદ્ભવિ શકે એ મહાસભા વાદીઓનું કર્તવ્ય છે.

પ્રાચીન સમયથીજ સમાજમાં પ્રવર્તતા વિવિધ દુષણોએ સ્ત્રીઓને નિર્બળ બનાવી દીધી છે. રાજાશાહી ભારતમાં સતીપ્રથાએ ગૌરવની વાત ગણાતી હતી. આ ગૌરવપૂર્ણ માન્યતાએ અનેક આશાસ્પદ યુવતિઓને

મૃત્યુના મુખમાં ધકેલી દીધી છે. તેને સામે તે સમયે હરફ ઉચ્ચારનાર કોઈ ન હતું. ત્યારે તત્કાલીન સ્ત્રીઓએ અબળા બની આ અન્યાયને સહન કરે રાખ્યો. ઈ.સ.૧૮૧૩ સુધીમાં ભારતીયોમાંથી કોઈએ આ દિશામાં કશુંજ વિચાર્યુ ન હતું અંગ્રેજો સતી થવાના બનાવોની પોતાના અહેવાલોમાં નોધ લેતા જણાવતા હતા કે સતી બનવા માટે પરાણે ફરજ પાડવામાં આવતી હતી. તેમજ શારીરીક બળનો કે પછી કેફી દ્રવ્યોના ઉપયોગ કરીને નિરાધાર અને અસહાય એવી વિધવાઓને સળગતી ચિતાઓ પર ચડાવી દેવામાં આવતી હતી. સ્ત્રી સ્વાતંત્ર્યના પ્રખર હીમાયતી એવા રાજારામ મોહનરાયના કૌટુંબિક જીવનમાજ એવી એક ઘટના બની જેના લીધે તેઓ સતીપ્રથાના કટ્ટર વિરોધી બન્યા હતા તેમના મોટા ભાઈ જગમોહનનું ઈ.સ. ૧૮૧૧માં અવસાન થયુ ત્યારે રાજારામ મોહનરાયના ભાભીએ પોતાના પતી સાથે સતી થવાની ઈચ્છા જાહેર કરી હતી. આ માટે તેઓને લાખ સમજાવ્યા છતા ન માનતા જ્યારે તેઓના ભાભી સળગતી ચીતા પર ચડ્યા ત્યારે અગ્નીની દાહક્તા અસહય બનતા તેઓએ ચીતા પરથી નાસી જવાનો પ્રયત્ન કરી તો જોયો પરંતુ તેઓના સગા સંબંધીઓએ વાંસડાની મદદથી તેમને છટકી જતા રોક્યા અને પરાણે સતી થવાની તેમને ફરજ પડી આ બનાવથી રાજારામ મોહનરાયને એટલો બધો આઘાત લાગ્યો કે તેમણે ત્યાજ પ્રતિજ્ઞા લીધી કે જ્યા સુધી પોતે સતી થવાની અમાનવીય પ્રથાનો અંત નહિ લાવે ત્યા સુધી જંપીને બેસશે નહી. સ્ત્રોતો જાણવા અનુસાર ૧૮૧૫ થી ૧૮૧૮ ના ગાળા દરમીયાન ૨૩૬૫ વિધવાઓને સળગાવી દેવામાં આવી હતી.આમાથી ૧૫૨૮ જેટલી વિધવાઓને તો માત્ર કલકત્તા અને આજુબાજુના વિસ્તારોની હતી.તેમના જણાવ્યા અનુસાર સ્વાર્થને કારણેજ વિધવાને સતી થવાની ફરજ પાડવામાં આવે છે. મોટા ભાગની સ્ત્રીઓ લોકોના દબાણ કે પછીલાગણીના પ્રવાહમાં તણાઈ જઈને સતી થવાનો નિર્ણય કરતી હોય છે. પરંતુ જ્યારે વાસ્તવિક્તાનો સામનો કરવાનો આવે છે. ત્યારે સળગતી ચતામાંથી ભાગી જવાનો પ્રયત્ન પણ થાય છે. પરંતુ તેઓને છટકવા દેવામાં આવતી નથી. અને પરાણે બળી મરવાની ફરજ પાડવામાં આવે છે. આમ કરવુ એ હકીકતમાં ખુન કરવા બરાબર છે. મારી દ્રષ્ટીએ આટલુ મોટુ સમાજીક દુષણ સ્ત્રીઓને પુરૂષોના ગુલામ બનાવી રાખવા માટે જ અપનાવાયેલુ છે. છેવટે લોર્ડ વિલિયમ બેનિકના સમયમાં સતી પ્રથાનો વિરોધ કરતો કાયદો બન્યો અને સામાજીક દુષણનો અંત આવ્યો.

આજે પણ વિધવાઓ પુનર્લગ્ન ન કરી સકે તેવા રીવાજો ને કારણે અનેક કુમળી વયની વિધવાઓ ને પોતાના જીવનમાં નર્કની સજા કે પોતાના સહન કરવી પડતી હોય છે. આનો વિરોધ કરતા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા પુન વીવાહ માટે કાનુની જોગવાઈ પુરી પાડ્યાની સરકારને ફરજ પાડી શ્રી વિદ્યા સાગરે વિધવા પુનઃવિવાહનો સમાજ સ્વીકાર કરે તેમાટે હીન્દુ ધર્મ ગ્રંથોનો અંતઃકરણ પુર્વક અભ્યાસ કર્યો તેમનાસંશોધનથી વિધવા પુનઃવિવાહ કરી શકે છે. તેનો જડ હીન્દ સમાજે સ્વિકાર કર્યો.

બંગાળમાં પ્રવર્તતી કુલીન વાદની પ્રથામાં બહુપત્નિ નો કુરિવાજ હતો.તેમાં પણ સમય-સર ઝુંબેશ ચલાવી અને આ પ્રથાને હટાવી દેવામાં આવી. બાળકીને જન્મ જાત દુધપીતી કરી દેવાનો અને હવેતો માના ગર્ભમાં જ મારીનાખવાના જે પ્રયત્નો થઈ રહ્યા છે. તેનો સદંતર વિરોધ થવો જોઈએ. એટલુજ નહી કાયદા દ્વારા આ દુષકૃત્યમાં ભાગ લેનારને કડકમાં કડક સજા થવી જોઈએ.

રાજકારણ ક્ષેત્રે તરફ નજર કરીએતો સ્ત્રીઓને મતાધિકાર મળે તે માટેની માગણી માટેની પહેલ અઢારમી સદીમાં કરવામાં આવી હતી. ખાસકરીને ૧૯૭૯માં ફ્રાન્સની ક્રાન્તી પછી સ્ત્રીઓના હક્કમાટેની અરજી રજુ

કરવામાં આવી હતી.આ પ્રમાણે અઢારમી સદીના ત્રીજા દસકામાં સ્ત્રી વર્ગ રાજકારણના કાર્યોમાં ભાગલે તે અંગેની માગણી થઈ હોવા છતાં તે અંગે ખાસ ધ્યાન આપવામાં આવ્યુ ન હતુ. સ્ત્રી મતાધિકાર માટે જેમણે પ્રયત્નો કર્યા તેવા જહોન સ્ટુઅર્ટ મીલ ખાસ ધ્યાન ખેચે છે. તેણે પોતાના પુસ્તરક '' ધી સબ્જેક્શન ઓફ વીમેન'' માં તેમજ ઈગ્લીસમાં આમ સભાના સભ્ય તરીકે ચર્ચા તેમજ ભાષણો દ્વારા સ્ત્રી મતાધિકાર માટે સમયસર પ્રયત્નો કર્યા હતા. તે પછી આ પ્રશ્ન વ્યાપક બનવા લાગ્યો સ્ત્રી વર્ગ આ હેતુ માટે સભાથક અને રાજકીય સંગઠનો રચ્યા અને તેમના દ્વારા વ્યવસ્થીત પણે સ્ત્રી મતાધિકાર માટે પ્રચાર થવા લાગ્યો. પરીણામે પ્રથમ વિશ્વ યુધ્ધ દરમિયાન ઘર આંગણે સ્ત્રી વર્ગ સામાજીક ક્ષેત્રે જે સેવાઓ આપી તેના લીધે તેમજ સ્ત્રીસભાનતાનો ખ્યાલ વ્યાપક પણે સ્વીકારાતા આ યુધ્ધ પછી પુરૂષ વર્ગની જેમ સ્ત્રી વર્ગને પણ રાજકીય હક્ક આપવાની શરૂઆત થઈ. આજે આપણે જોઈ શકીએ છીએ કે લગભગ તમામ લોકશાહી રાજ્યોએ સ્ત્રી મતાધિકાર નો સ્વીકાર તથા અમલ કર્યો છે. અને સ્ત્રી જીવનનો તમામ ક્ષેત્રે પુરૂષ વર્ગ સાથે ખભે ખભા મીલાવીને કાર્યો કરે છે.

બ્રિટનમાં ૧૯૧૮ માં સુધારા દ્વારા અંશતઃ સ્ત્રી મતાધિકારનો સ્વિકાર થયો હતો અને છેવટે ૧૯૨૮ ના સુધારા પછી પુખ્તવય મતાધિકારનો સ્વીકાર થતા આપો આપ ૨૧ વર્ષના અને તેની ઉપરની ઉંમરના તમામ સ્ત્રી અને પુરૂષોને મતાધિકાર અપાયો હતો. ત્યાર બાદ ઈ.સ. ૧૮૭૨ થી ૧૮ વર્ષની વયને પુખ્ત વય તરીકે સ્વીકારવામાં આવી હતી. આજ પ્રમાણે અમેરીકામાં છેક ૧૯૨૦ માં સ્ત્રી વર્ગને મતાધિકાર આપવામાં આવ્યો હતો જ્યારે આપણા દેશમાં ૧૯૫૦ માં બંધારણના સ્વીકારની સાથે પુખ્તવય મતાધિકારનો સ્વીકાર કરીને સ્ત્રીઓને મતાધિકાર અપાયો છે. સ્વીટર્ઝલેન્ડ માં આ અધિકાર સ્ત્રીઓને છેક ૧૯૭૧માં આપવામાં આવ્યો હતો.આજે ૨૧મી સદીમાં પણ હજી ઘણા રાજ્યો એવા છે જ્યા સ્ત્રી વર્ગ મતાધિકારતો શુ? પણ અન્ય અધિકારો પણ નથી ધરાવતો.

ભારતે પોતાના ૭૩ મા બંધારણીય સુધારામાં સ્ત્રીઓમાટે ૩૩ % અને ગુજરાત જેવા રાજ્યોમાં ૫૦ % અનામત અંગેના કાયદા કરવામાં આવેલ છે. આ દ્વારા આપણે હવે જાગૃત બન્યા છીએ. આશા રાખીએ કે સ્ત્રી સશક્તિકરણ ની દિશામાં આપણે સૌ આગળ વધીને સ્ત્રીઓના વિકાસ માટે યોગ્ય પ્રદાન કરતા રહીએ એજ અભ્યર્થના સહવિરમુ છુ.

**સંદર્ભઃ-**


૧. પંડ્યા હસમુખ : રાજ્યશાસ્ત્ર પરીચય ભાગ - ૨ અનડા પ્રકાશન - પૃષ્ઠ ૭૫

૨. ઝાલા ડી.ડી. : આધુનીક ભારતના રાજકીય ચિંતકો પૃષ્ઠ ૮૩,૮૪

૩. ડૉ. એમ.એમ. જગાણી :'સંસોધન પેપર' સ્ત્રીઓનું નેતૃત્વ અને સરદાર પટેલ

૪. ઝાલા ડી.ડી. : આધુનીક ભારતના રાજકીય ચિંતકો પૃષ્ઠ ૯૧